RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 159* Date: 07.04.2022 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ભાજપા સ્થાપના દિવસે મોદીના વિપક્ષ પર પ્રહાર

## દેશમાં અત્યારે બે પ્રકારની રાજનીતિ ચાલે છે, એક પરિવારભક્તિની અને એક રાષ્ટ્રભક્તિની

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૬

આજે ૬ એપ્રિલે ભારતીય જનતા પાર્ટી(ભાજપા)નો ૪૨મો સ્થાપના દિવસ હતો.આ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાર્ટી કાર્યકરોને સંબોધન કર્યું હતું. આ પહેલાં વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પર ટ્વીટ કરીને કહ્યું હતું કે અમે તે દરેક લોકોને યાદ કરીએ છીએ, જેમણે પાર્ટીનું નિર્માણ કર્યું છે અને લોકોની અનહદ સેવા કરી છે.

સંબોધનની શરૂઆતમાં વડાપ્રધાન મોદીએ કહ્યું- આજે નવરાત્રિનો પાંચમો દિવસ છે. આજે અમે મા સ્કંદ માતાની પૂજા કરીએ છીએ. આપણે જોયું છે કે તેઓ કમળના સિંહાસન પર બિરાજમાન હોય છે અને તેમના બંને હાથમાં કમળ હોય છે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે ભાજપના દરેક નાગરિક અને કાર્યકર્તા પર તેમના આશીર્વાદ રહે.

મોદીએ કહ્યું- જનસંઘથી લઈને ભાજપા સુધી પાર્ટીના નિર્માણમાં પોતાની જાતને સમર્પિત કરનાર મહાપુરુષોને નમન કરું છું. આજના સ્થાપના દિવસનું ત્રણ કારણથી વિશેષ મહત્ત્વ છે. અત્યારે આપણે દેશની આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણી કરી રહ્યા છે. આ પ્રેરણાનો બહુ મોટો અવસર છે. બીજું- ઝડપથી બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓ. ત્રીજું- ચાર રાજયમાં ભાજપની ડબલ એન્જિનની સરકાર પરત આવી છે. ત્રણ દાયકા પછી રાજ્યસત્રમાં કોઈ પાર્ટીની સંખ્યા ૧૦૦ સુધી પહોંચી છે. તેમણે કહ્યું હતું, ભાજપની- કાર્યકરોની જવાબદારીઓ સતત વધી રહી છે, તેથી ભાજપના દરેક કાર્યકર્તા દેશના સપનાંના પ્રતિનિધિ છે. આ અમૃતકાળમાં ભારતની વિચારસરણી આત્મનિર્ભરતાની છે. લોકલને ગ્લોબલ બનાવવાની છે. સામાજિક ન્યાયની છે. સમરસતાની છે. આ જ સંકલ્પોને ધ્યાનમાં રાખીને પાર્ટીની સ્થાપના થઈ છે. આ અમૃતકાળ આપણા કાર્યકર્તા માટે કર્તવ્યકાળ છે. આપણે દેશના સંકલ્પો સાથે સતત જોડાયેલા રહેવાનું છે અને પોતાને સમર્પિત કરી દેવાના છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું, એક સમય હતો, જયારે લોકોએ માની લીધું હતું કે સરકાર કોઈની પણ આવે, દેશનું કશું થઈ નહીં શકે. નિરાશા જ નિરાશા હતી, પણ અત્યારે હવે દેશની એક-એક વ્યક્તિ ગર્વથી કહી રહી છે કે દેશ બદલાઈ રહ્યો છે. ઝડપથી આગળ વધી રહ્યો છે. આજે દુનિયાની સામે એક એવું ભારત છે, જે કોઈપણ ડર કે દબાણ વગર પોતાના હિત માટે ઊભુ છું. જયારે દુનિયા બે વિરોધી ધ્રુવોમાં વહેંચાયેલી છે ત્યારે ભારતને એક દેશ તરીકે જોવામાં આવે છે. જે દ્રઢતાની સાથે માનવતાની વાત કરી શકે છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે આજે દેશની પાસે નિર્ણય અને નિશ્ચિયશક્તિ બંને છે. આજે આપણે



લક્ષ્ય નક્કી કરીએ છીએ અને એને પૂરું પણ કરીએ છીએ. થોડા સમય પહેલાં જ દેશે ૪૦૦ બિલિયન ડોલર એટલે કે ૩૦ લાખ કરોડથી વધુની નિકાસનો ટાર્ગેટ પણ પૂરો કર્યો છે. કોરોનાકાળમાં આ ટાર્ગેટ પૂરો કરવો એ આપણી તાકાત દર્શાવે છે. ભારત કોરોના સામે સંસાધનોની લડાઈ લડી રહ્યું છે. સતત જીતવાનો પ્રયત્ન કરી રહ્યું છે. આજે ભારત ૧૮૦ કરોડથી વધારે વેક્સિન ડોઝ આપતો દેશ બની ગયો છે. આટલા મુશ્કેલ સમયમાં ભારત ૮૦ કરોડ ગરીબોને મફતમાં રેશન આપે છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે દેશમાં દાયકાઓ સુધી અમુક રાજકીય પક્ષોએ માત્ર વોટબેક્ની રાજનીતિ કરી છે. અમુક લોકોને જ વાયદા કરો, ઘણા લોકોને રાહ જોતા રાખો, ભેદભાવ, ભ્રષ્ટાચાર...આ બધું વોટબેક્ની રાજનીતિની સાઈડ ઈફેક્ટ છે. ભાજપે આ વોટબેક્ની રાજનીતિને ટક્કર આપી છે અને એનું નુકસાન દેશને સમજાવવામાં સફળતા મળી છે. ભાજપે સારી નીતિથી કરેલાં આ કામને જનતાના ભરપૂર આશીર્વાદ પણ મળ્યા છે. મોદીએ કહ્યું, આજે દલિતો, પછાત, આદિવાસી, ખેડૂત, જવાનો સાથે જે રીતે મહિલાઓ ભાજપના પક્ષમાં મજબૂતીથી ્ભી છે એ એક નવા યુગની શરૂઆતનું પ્રતિબિંબ છે. ભાજપને વિજય તિલક કરવામાં માતાઓ અને બહેનો સૌથી આગળ હોય છે. આ ચૂંટણીને લગતી ઘટના નથી, સામાજિક અને રાષ્ટ્રીય જાગરણ છે, જેની ઈતિહાસમાં ચર્ચા કરવામાં આવશે. મહિલાઓમાં સુશાસન અને કડક કાયદાઓની ભાવના અમે ઊભી કરી છે. સ્વાસ્થ્યથી લઈને રસોઈની ચિંતા કરી છે. નારીશક્તિમાં આત્મવિશ્વાસ ઊભો થયો છે, જે ભારતને દિશા આપી રહી છે. મહિલાઓની ભાગીદારીમાં વિકાસ વધારવો અમારી ફરજ છે.

તેમણે વધુમાં કહ્યું- અમારા માટે રાજનીતિ અને રાષ્ટ્રનીતિ સાથે સાથે ચાલે છે. અમે રાજનીતિથી રાષ્ટ્રનીતિને અલગ કરીને ચાલનારા લોકો નથી. એ પણ સાચી વાત છે કે અત્યારે દેશમાં બે પ્રકારની રાજનીતિ ચાલી રહી છે. એક રાજનીતિ છે પરિવારભક્તિની અને બીજી છે રાષ્ટ્રભક્તિની. કેન્દ્રીય સ્તર પર અલગ અલગ રાજ્યોમાં અમુક રાજકીય પક્ષો છે, જે માત્ર ને માત્ર તેમના પરિવારનાં હિતો માટે કામ કરે છે. પરિવારવાદી સરકારમાં પરિવારના સભ્યોનો સ્થાનિક ચૂંટણીથી લઈને સંસદ સુધી દબદબો રહેતો હોય છે. તેઓ એકબીજાના ભ્રષ્ટાચારને ઢાંકે છે. આ પરિવારવાદી પાર્ટીઓએ દેશના યુવકોને પણ આગળ નથી વધવા દીધા. તેમની સાથે હંમેશાં વિશ્વાસઘાત થયો છે. આજે આપણને ગર્વ થવો જોઈએ કે ભાજપ જ એક માત્ર પાર્ટી છે, જે આ પડકારથી દેશને સજાગ કરી રહી છે.

વડાપ્રધાન મોદીએ છેલ્લે કહ્યું હતું, આજે દેશ તમામ અભિયાનોમાં આગળ વધી રહ્યો છે. ભાજપાના કાર્યકર્તાઓ તરીકે તમે એ દરેક અભિયાનના સારથિ છો. હવે થોડા દિવસ પછી જ જ્યોતિબા ફુલે અને બાબા સાહેબ આંબેડકરજયંતી છે. પાર્ટી આજથી જ સામાજિક ન્યાય પખવાડિયું શરૂ કરી રહી છે. તમને અપીલ છે કે આ અભિયાન સાથે સક્રિયતાથી જોડાઓ. સરકાર ગરીબો માટે જે યોજના ચલાવી રહી છે એ માટે દેશને જાગ્રત કરો. કાર્યકર્તા તરીકે પાર્ટી મને જે આદેશ કરશે, હું પણ એમાં કાર્યકર્તા તરીકે સંપૂર્ણ મહેનત કરીશ. તમે સાથી કાર્યકર્તાઓ હોવાથી મારી તમારી પાસે આ જ અપેક્ષા છે.

## ચીનમાં કોરોનાના નવા ૨૦,૪૭૨ કેસો નોંધાતા સ્થિતિ વધુ ગંભીર

કોલંબો,તા.૬

ચીનમાં એક જ દિવસમાં કોરોનાના ૨૦,૦૦૦ થી વધુ નવા કેસો નોંધાયા છે. ત્યારે મહામારીની શરૂઆત બાદથી જ એક દિવસની અંદર નોંધાયેલા દૈનિક કેસોની આ સૌથી વધારે સંખ્યા છે. શંઘાઈમાં લોકડાઉન હોવા છતાં પણ અહીં કેસો સતત વધી રહ્યાં છે. જેના કારણે ચિંતામાં વધારો થયો છે.

જણાવી દઈએ કે માર્ચ સુધી ચીને લોકડાઉન, ગ્રુપ ટેસ્ટિંગ અને આંતરરાષ્ટ્રીય મુસાફરી પર સખત પ્રતિબંધો સાથે દૈનિક કેસોને નિયંત્રિત કર્યા હતાં. પરંતુ તાજેતરના એક સપ્તાહની અંદર જ તેમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. મહત્વનું છે કે, બુધવારે ચીનમાં સંક્રમણના ૨૦,૪૭૨ કેસ નોંધાયા છે. જો કે રાહતની વાત એ છે કે, હજુ એક પણ દર્દીએ આમાં જીવ ગુમાવ્યો નથી.શંઘાઈના ક્વોરન્ટાઈન સેન્ટરમાં કોવિડ પોઝિટિવ દર્દીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. કોવિડ-પોઝિટિવ બાળકોને તેમના માતા-પિતાથી અલગ કરવામાં આવી રહ્યાં છે. આ નીતિએ પીડિત પરિવારોની ચિંતામાં વધારો કર્યો છે. અધિકારીઓએ બુધવારે કહ્યું કે, ચીનના સૌથી મોટા શહેર શંઘાઈમાં કોરોનાના રાષ્ટ્રીય આંકડાઓમાં ૮૦ ટકાથી વધુનો હિસ્સો છે. શંઘાઈના એક ટોચના અધિકારીએ સ્વીકાર્યું છે કે, તેની સામે ઝઝૂમવા માટેની અપર્યાપ્ત તૈયારી હતી. સીસીટીવીના રિપોર્ટ અનુસાર, શંઘાઈમાં બુધવારે સમગ્ર વસ્તીનું નવેસરથી પરીક્ષણ કરવામાં આવશે. ખોરાકની અછત અને લોકડાઉનના કારણે રહેવાસીઓમાં પણ ગુસ્સો વધી રહ્યો છે.૨૦૧૯ ના અંતમાં, કોરોના વાયરસ પ્રથમ વખત ચીનના વુહાનમાં જોવા મળ્યો હતો. અહીંથી આ મહામારી સમગ્ર વિશ્વમાં ફેલાઈ હતી. અમેરિકી રાષ્ટ્રપતિએ તેને ચીની વાયરસ પણ ગણાવ્યો હતો.

ચીનના શંઘાઈમાં સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે, શંઘાઈની કોઈ પણ હોસ્પિટલમાં કોરોના સંક્રમિત દર્દીઓને દાખલ કરવા માટે હવે જગ્યા પણ નથી બચી. તેમ છતાં ચીનનો એવો દાવો છે કે, શંઘાઈમાં અત્યાર સુધી કોરોના સંક્રમણથી કોઈનું મોત નથી થયું. ચીને સોમવારથી તપાસનું મોટું અભિયાન શરૂ કર્યું છે. સેનાના જવાનો અને ડોક્ટરોને પણ ખૂબ મોટી સંખ્યામાં તપાસ માટે ઉતારવામાં આવ્યા છે. ચીનની સેના પીપુલ્સ લિબરેશન આર્મીના ૨૦૦૦ થી વધુ તબીબી કર્મચારીઓને રવિવારે શંઘાઈ મોકલવામાં આવ્યા હતાં. જેથી ત્યાંની કોરોના તપાસમાં નાગરિક પ્રશાસનની મદદ કરી શકાય. મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે, જિયાંગ્સુ, જેજિયાંગ અને બેઈજિંગ સહિત અનેક પ્રાંતોના ડૉક્ટરો અને તબીબી કર્મચારીઓને પણ ત્યાં મોકલવામાં આવ્યા છે. આ રીતે ૧૦ હજારથી વધુ લોકોની ટીમ તપાસ અભિયાનમાં લાગી ગઈ છે.

બીજી બાજુ તમને જણાવી દઇએ કે, ચીનમાં ઓમિક્રોનના નવા વેરિઅન્ટ સબટાઇપ મ્૭.૧.૧ એ પણ લોકોમાં ચિંતા ઉભી કરી છે. કારણ કે તેના લક્ષણ કોઇ પણ વેરિઅન્ટ સાથે નથી મળતા. ચીનમાં વધતા જતા કોરોનાના કેસો વચ્ચે અહીં વાયરસનો નવો વેરિઅન્ટ પણ મળી આવ્યો છે. ગ્લોબલ ટાઇમ્સના જણાવ્યાં અનુસાર, આ ઓમિક્રોનનો સબટાઇપ બીએ.૧.૧ છે. ચિંતાજનક બાબત એ છે કે, તે બિલકુલ નવો વેરિઅન્ટ છે અને અત્યાર સુધી મળી આવેલા તમામ વેરિઅન્ટની તે તદ્દન અલગ છે. એવું માનવામાં આવી રહ્યું છે કે, આ વેરિઅન્ટના કારણે ચીનમાં કોરોનાથી હાલત ખરાબ થતી જઇ રહી છે. આ વેરિઅન્ટ ચીનના જિયાંગ્સુ વિસ્તારમાં મળી આવ્યો છે. તે જગ્યાએ શંઘાઇથી ૭૦ કિમી દૂર છે

## શ્રીલંકામાં વિરોધ બાદ રાષ્ટ્રપતિ રાજપક્ષે કટોકટીનો નિર્ણય પાછો ખેંચી લીધો

કોલંબો,તા.૬

શ્રીલંકામાં કહેવામાં આવી રહ્યું છે કે રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેએ દેશમાં ઈમરજન્સીનો નિર્ણય પાછો ખેંચી લીધો છે. દેશમાં હિંસક વિરોધને જોતા ઈમરજન્સી લાદવામાં આવી હતી.આ પહેલા સોમવારે લોકોએ વડાપ્રધાન મહિન્દા રાજપક્ષેના ઘરની સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. ભીડને કાબૂમાં લેવા માટે ટીયર ગેસના શેલનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. આખા કોલંબો શહેર પર પ્રદર્શનકારીઓએ કબજો જમાવી લીધો હતો. કોલંબોમાં વીજળી પણ કપાઈ ગઈ હતી, આખા શહેરમાં અંધારપટ છવાઈ ગયો હતો. જેના કારણે દેશમાં ઈમરજન્સી લાદવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે વિદેશી દેવાની જાળને કારણે શ્રીલંકા તેના ઈતિહાસના સૌથી ખરાબ આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. જેના કારણે લોકોને કલાકો સુધી વીજકાપ અને જીવનજરૂરી ચીજવસ્તુઓની અછતનો સામનો કરવો પડી રહ્યો છે. ઈંધણ, રાંધણગેસ, જીવનજરૂરી ચીજવસ્તુઓનો ઓછો પુરવઠો અને કલાકોના વીજ કાપને કારણે લોકો મહિનાઓથી પરેશાન છે. શ્રીલંકાનું વર્તમાન વિદેશી વિનિમય ભંડોળ ઘટીને માત્ર ૨૦ બિલિયન ડોલર થઈ ગયુ છે. રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેની આગેવાની હેઠળના શ્રીલંકાના શાસક ગઠબંધનની મુશ્કેલીઓ મંગળવારે વધી ગઈ જ્યારે નવા નિયુક્ત નાણાં પ્રધાન અલી સાબરીએ રાજીનામું આપ્યું, તો બીજી બાજુ ડઝનેક સાંસદોએ પણ શાસક ગઠબંધન છોડી દીધું. બીજી તરફ દેશના સૌથી ખરાબ આર્થિક સંકટ દરમિયાન દેશવ્યાપી વિરોધ પ્રદર્શન યથાવત રહ્યા છે. રાષ્ટ્રપતિ રાજપક્ષેએ તેમના ભાઈ બાસિલ રાજપક્ષેની હકાલપટ્ટી કર્યા બાદ, સાબરીને નિયુક્ત કર્યા હતા. બાસિલ રાજપક્ષે, શાસકપક્ષ શ્રીલંકા પોદુજાના પેરામુના ગઠબંધનમાં નારાજગીનો મુખ્ય સ્રોત હતા. રાષ્ટ્રપતિને લખેલા પત્રમાં, સાબરીએ જણાવ્યું હતું કે તેમણે કામચલાઉ પગલા તરીકે આ પદ સંભાળ્યું છે.

## જમ્મુ કાશ્મીરને ટુંત સમયમાં પહેલું સૌર ઉર્જા ગામ મળશે,પલ્લી ગામમાં ૫૦૦ કિલોવોટ ક્ષમતાનું સંયંત્ર બનશે

શ્રીનગર,તા.૬

સાંબા જીલ્લાનું પલ્લી ગામ તાકિદે જ જમ્મુ કાશ્મીરનું પહેલું સૌર ઉર્જા ગામ બનશે.ગામમાં ૫૦૦ કિલોવોટ ક્ષમતાનું સૌર ઉર્જા સંયંત્ર સ્થાપિત કરવામાં આવી રહ્યું છે પલ્લીમાં ૨૪ એપ્રિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પ્રવાસ યોજાનાર છે જે પહેલા સૌર ઉર્જા ગામનું લક્ષ્ય હાંસલ કરવા માટે પ્રશાસન દિવસ રાત કામમાં લાગ્યા છે.

આ પરિયોજનાથી જોડાયેલ સાંસદ સુનીલ શર્માએ ટ્વીટ કરી જણાવ્યું હતું કે સૌર ઉર્જા પરિયોજનાને ૨૦ દિવસમાં તૈયાર કરી લેવામાં આવશે આ એક વિશ્વ કિર્તીમાન પણ બની શકે છે સૌર ઉર્જા સંયંત્રથી ૫૦૦ કિલોવોટ વિજળી તૈયાર થશે જે ધર સુધી સુધી પહોંચાડવા માટે ૬૩૦ કિલોવોટનું ટ્રાંસફાર્મર સ્થાપિત કરવામાં આવી રહ્યું છે.

પરિયોજના પર કેન્દ્રીય મંત્રી જીતેન્દ્રસિંહે કહ્યું કે પલ્લી ગામમાં નિર્માણાધિન પરિયોજના પર દિવસ રાત કામ ચાલી રહ્યું છે વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયની આધીન સેંટ્રલ ઈલેકટ્રોનિક્સ લિમિટેડના નિષ્ણાંત કામમાં લાગ્યા છે.તેમણે કહ્યું કે પલ્લી ગામમાં ૨૪ એપ્રિલે વડાપ્રધાનના પ્રવાસ પહેલા સૌર ઉર્જા સંયંત્રનું કામ પુરૂ કરી લેવામાં આવશે સરકારી યોજનાના અમલમાં સાંબા જીલ્લાની બાડી બ્રહ્મણાથી જોડાયેલ પલ્લી પંચાયત મિસાલ બની ઉભરી છે ગામમાં દરેક ધરમાં નળમાં પાણી,સરકારી સ્કુલોમાં બાળકોની વધુ સંખ્યા આવાસ યોજનનાના તમામ લાભાર્થીઓને ધર અને જળ સંચય સહિત અનેક અન્ય કાર્યોમાં પંચાયતનું પ્રદર્શન સર્વશ્રેષ્ઠ માનવામાં આવી રહ્યું છે.વડાપ્રધાનનો પ્રવાસ પણ પલ્લી પંચાયતના આ પ્રદર્શનને કારણે પ્રસ્તાવિત છે.

## દેશમાં આજે કોરોનાના નવા ૧,૦૮૬ કેસ,૭૧ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૬

ભારતમાં કોરોનાના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે પરતું આજે આશિંક જે પ્રભાવિત ન કરી શકે તેટલો વધારો આજે જોવા મળ્યા છે. હવે દેશમાં કોરોના મુક્ત થવા જઇ રહ્યો છે, આગામી દિવસોમાં કોરોના મુક્ત ભારત બની જશે, હાલ છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૧,૦૮૬ નવા કેસ નોંધાયા છે. ગઈકાલની સરખામણીએ આ સંખ્યા ૩૬.૬ ટકા વધી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૧ લોકોના કોરોનાથી મોત થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૮૫,૦૪,૧૧,૫૬૯ રસીકરણ કરવામાં આવ્યું છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૧૫,૪૯,૬૯૯ રસીકરણ કરવામાં આવ્યું છે. જણાવી દઈએ કે દેશભરમાં રસીકરણ અભિયાન ગયા વર્ષે ૧૬ જાન્યુઆરીએ શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં પ્રથમ તબક્કામાં આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવી હતી. ફ્રન્ટલાઈન કર્મચારીઓનું રસીકરણ ગયા વર્ષે ૨ ફેબ્રુઆરીથી શરૂ થયું હતું.ઉલ્લેખનીય છે સમગ્ર વિશ્વમાં કોરોનાના સ્થિતિ સામાન્ય બની છે પરતું ચીનમાં કોરોનાના કેસમાં ચિંતાજનક બાબત છે, ચીનમાં ફરીવાર કોરોનાએ ઉથલો માર્યો છે જેના લીધે અહીંની સરકારે અનેક પ્રદેશોમાં લોકડાઉન લગાવી દીધો છે, અહીંયા ફરીવાર કોરોના બેકાબૂ જોવા મળી રહ્યો છે.

## ડો. ભીમરાવ આંબેડકરના જન્મદિવસે દેશભરમાં જાહેર રજા રહેશે, કેન્દ્ર સરકારે જાહેરનામું બહાર પાડ્યું



નવીદિલ્હી,તા.૬

દેશના બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરની જન્મજયંતિ પર ૧૪ એપ્રિલે હવે દેશભરમાં જાહેર રજા રહેશે. આ સંદર્ભે કેન્દ્ર સરકાર દ્વારા જાહેરનામું બહાર પાડીને જાહેરાત કરવામાં આવી છે.

કર્મચારી, જાહેર ફરિયાદો અને પેન્શન મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું હતું કે નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ, ૧૮૮૧ (૧૮૮૧ નો ૨૬) ની કલમ ૨૫ દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને કેન્દ્ર સરકારે ડૉ. ભીમરાવ આંબેડકરના જન્મદિવસ ગુરુવાર, ૧૪ એપ્રિલ ૨૦૨૨ ના રોજ સમગ્ર ભારતમાં રજા જાહેર કરે છે.

દેશના બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરને દેશ અને સમાજ પ્રત્યેના તેમના અમૂલ્ય યોગદાન બદલ ૩૧ માર્ચ, ૧૯૯૦ના રોજ સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી મરણોત્તર સન્માનિત કરવામાં આવ્યા હતા.

'બાબાસાહેબ' ભીમરાવ આંબેડકરે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિય ભાગ લીધો હતો અને જીવનભર સામાજિક પૂર્વગ્રહ સામે લડત આપી હતી. આઝાદી પછી, જ્યારે તેમને રાષ્ટ્રનું બંધારણ બનાવવાની જવાબદારી સોંપવામાં આવી ત્યારે તેમની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બની ગઈ.

## તંત્રી સ્થાનેથી...

## ચીનમાં વધતું સંક્રમણ



***કોરોના હજુ પીછો છોડવા તૈયાર નથી. દુનિયાના મોટાભાગના વિસ્તારોમાં સંક્રમણમાં ઘટાડો થયો છે, પરંતુ સંપૂર્ણ રાહત મળી નથી. વિટંબણા જુઓ કે જ્યારે ભારતમાં કુલ ૧૨,૫૭૫ સક્રિય કેસો છે, ત્યારે ચીનમાં દરરોજ ૧૩૦૦૦થી વધુ કેસો આવી રહ્યા છે. ચીનમાં સંક્રમણ સામે પૂરતી કડકાઈથી તેના ફેલાવાને ઘણી હદે અટકાવી રાખ્યો છે. ચીનમાં ફેલાયેલો વાયરસ નવા પ્રકારનો ઓમિક્રોન છે, જ્યારે એવું લાગે છે કે ભારત સંક્રમણના સકંજામાંથી બહાર નીકળી ગયું છે. ભારત સરકાર અનુસાર સોમવારે દૈનિક નવા સંક્રમણોની સંખ્યા ૭૧૫ દિવસ બાદ ૧૦૦૦ અંકની નીચે આવી છે. સાથે જ ૭૧૪ દિવસના અંતરાલ બાદ સક્રિય કેસોની સંખ્યા ૧૩૦૦૦ અંકથી નીચે આવી છે. ભારતમાં બીમારીથી ઉગરનારની સંખ્યા સવા ચાર કરોડથી વધારે છે. ચીન જેવી અત્યધિક કડકાઈ નહિ કરવા છતાં બે વર્ષ બાદ ભારત રાહતનો શ્વાસ લઈ રહ્યું છે. હાલના સંક્રમણની લહેર અને લાગેલા કડક પ્રતિબંધો વચ્ચે ચીની નાગરિકોના ધૈર્યની પરીક્ષા થઈ રહી છે. ધ્યાન રહે, આ એવો સમય છે, જ્યારે દુનિયાનો મોટાભાગનો હિસ્સો ફરીથી ખુલી ગયો છે, પરંતુ ચીનના અનેક શહેરોમાં આંશિક કે પૂર્ણ લોકડાઉનની સ્થિતિ છે.***

***ચીનના લગભગ ૭૦ ટકા કેસો એકલા શાંઘાઈ શહેરમાં છે, લગભગ અઢી કરોડ લોકોની તાબડતોબ તપાસ કરવામાં આવી છે. ચીની સરકારની કોશિશ છે કે સંક્રમણ પર વહેલી તકે કાબૂ મેળવી લેવામાં આવે. એકલા શાંઘાઈમાં ૮૦૦૦થી વધુ સંક્રમિત છે, ચીન કોરોના અટકાવવા માટે પોતાના નાગરિકોની યુદ્ધ સ્તરે ટેસ્ટિંગ કરી રહ્યું છે. એક અનુમાન અનુસાર, શાંઘાઈમાં જ અઢી કરોડથી વધુ લોકો ક્વોરેન્ટીન છે. સાન્યા શહેરમાં કોવિડના પ્રસારને રોકવા માટે તમામ પરિવહન માધ્યમોને બરતરફ કરી દેવામાં આવ્યા છે. શરૂઆતમાં ફક્ત ચાર દિવસો સુધી લોકડાઉન ચાલવાની યોજના હતી, પરંતુ તેનો સમય નિરંતર વધી રહ્યો છે. ચીની અધિકારીઓ એટલા માટે સખ્તાઈ રાખી રહ્યા છે, કારણ કે ચીને લાંબા સમય સુધી શૂન્ય કોવિડ રણનીતિનો સફળ પ્રયોગ કર્યો હતો. એક સમયે ચીન દુનિયાના પીડિત દેશોને સલાહ આપતું હતું. કેટલાક દેશોમાં સંક્રમણની ચીને મજાક પણ ઉડાવી હતી. સુરિક્ષત અને સ્વસ્થ ચીનના કેટલાય વીડિયો દુનિયાભરમાં પ્રચારિત-પ્રસારિત કરવામાં આવ્યા હતા. ચીનને આદર્શ માનવામાં આવતું હતું કે તેણે પોતાને ત્યાં કોવિડને ફેલવા ન દીધો, પરંતુ તાજા સંક્રમણોએ ચીનના કર્યા-કારવ્યા પર પાણી ફેરવી દીધું છે. આપણે એ પણ ભૂલી ન શકીએ કે ચીન જ એ દેશ છે, જ્યાં ૨૦૧૯ના અંતમાં વુહાનમાં પહેલી વખત કોરોના વાયરસની ખબર પડી હતી. જોકે દુનિયા એ જાણી ન શકી કે કોરોના કઈ રીતે, ક્યાં પેદા થયો, કારણ કે ચીને એક અલગ જ દુનિયામાં હોવાનો અહેસાસ કરાવ્યો. ગયા માર્ચ સુધી તેણે સ્થાનિક લોકડાઉન, સામુહિક પરીક્ષણ અને યાત્રા પ્રતિબંધો સાથે દૈનિક કેસોને સફળતાપૂર્વક ત્રેવડા અંકો સુધી નીચે રાખ્યા હતા. પરંતુ સંક્રમણને કારણે જ્યારે શાંઘાઈની સડકો સૂની પડી છે, ત્યારે ભારતે સાવધાન રહેતાં ચીનના અનુભવથી પણ શીખવું જોઇએ.***

### ક્રૂડ તેલનો વાયદો રૂ.૬૪ વધીને રૂ.૭,૮૪૯ના સ્તરેઃ સોના-ચાંદી પરસ્પર વિરુદ્ધ વલણ

# કોટનના વાયદાના ભાવમાં વૃદ્ધિઃ રબર, મેન્થા તેલમાં નરમાઈઃ બુલડેક્સ વાયદામાં ૧૨૯ પોઈન્ટ અને એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૬૨ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૫૯,૬૮૩ સોદાઓમાં કુલ રૂ.૧૩,૪૦૯.૨૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના એપ્રિલ વાયદામાં ૧૨૯ પોઈન્ટ અને ઊર્જા સૂચકાંક એનર્જી ઈન્ડેક્સના એપ્રિલ વાયદામાં ૬૨ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૩,૫૭૬ સોદાઓમાં કુલ રૂ.૪,૧૭૬.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૩૯૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૭૬૦ અને નીચામાં રૂ.૫૧,૩૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬૬ વધી રૂ.૫૧,૫૩૭ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૦૬ વધી રૂ.૪૧,૧૪૫ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૧ વધી રૂ.૫,૧૨૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૩૩૯ના ભાવે ખૂલી, રૂ.૧૪૫ વધી રૂ.૫૧,૩૮૪ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૬,૧૭૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૬,૪૦૦ અને નીચામાં રૂ.૬૫,૯૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૧૫૯ ઘટી રૂ.૬૬,૦૩૯ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ. ૧૫૪ ઘટી રૂ.૬૬,૨૮૦ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧૫૧ ઘટી રૂ.૬૬,૨૯૩ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૬,૦૪૩ સોદાઓમાં રૂ.૧,૧૮૯.૧૭ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૬૫ વધી રૂ.૨૮૨.૫૫ અને જસત એપ્રિલ વાયદો રૂ.૩.૨૦ વધી રૂ.૩૫૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ વધી રૂ.૮૨૧.૪૦ અને સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ વધી રૂ.૧૮૫ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૯,૪૬૯ સોદાઓમાં કુલ રૂ.૩,૧૬૨.૩૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૭૧૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૮૮૬ અને નીચામાં રૂ.૭,૬૮૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૬૪ વધી રૂ.૭,૮૪૯ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૪૦ વધી રૂ.૪૭૧.૩૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૨,૧૧૮ સોદાઓમાં રૂ.૨૫૦.૮૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન એપ્રિલ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૩,૨૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૩,૮૫૦ અને નીચામાં રૂ.૪૨,૮૮૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૭૦ વધી રૂ.૪૩,૭૮૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૧૨૦ના ભાવે ખૂલી, રૂ.૨૭૮ ઘટી રૂ.૧૭૧૮૧ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૧.૬૦ ઘટી રૂ.૧૧૦૯.૮૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૩,૬૩૯ સોદાઓમાં રૂ.૨,૪૨૦.૩૨ કરોડનાં ૪,૬૯૯.૮૪૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૯,૯૩૭ સોદાઓમાં કુલ રૂ.૧,૭૫૫.૯૬ કરોડનાં ૨૬૪.૭૯૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯,૩૮૪ સોદાઓમાં રૂ.૧,૭૨૫.૮૨ કરોડનાં ૨૨,૧૭,૩૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૦,૦૮૫ સોદાઓમાં રૂ.૧,૪૩૭ કરોડનાં ૩૦૮૨૬૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૧,૫૮૩ સોદાઓમાં રૂ.૨૨૫.૧૭ કરોડનાં ૫૧૮૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૫૧૫ સોદાઓમાં રૂ.૨૫.૩૮ કરોડનાં ૨૨૮.૨૪ ટન, રબરના વાયદાઓમાં ૨૦ સોદાઓમાં રૂ.૦.૩૪ કરોડનાં ૨૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૧૬૨.૨૨૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૪૫૩.૯૧૮ ટન, ક્રૂડ તેલમાં ૬૧૨૦૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૬૫૩૭૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૪૨૭૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૧૬.૫૨ ટન, રબરમાં ૬૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૭૮૬ સોદાઓમાં રૂ.૬૫.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૭૮૧ સોદાઓમાં રૂ.૬૪.૮૫ કરોડનાં ૮૬૯ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૫ સોદાઓમાં રૂ.૦.૫૪ કરોડનાં ૫ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૬૮૦ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૩૬ લોટ્સના સ્તરે રહ્યો હતો. એનર્જીડેક્સ એપ્રિલ વાયદો ૮,૫૮૯ના સ્તરે ખૂલી, ઊપરમાં ૮,૬૫૧ અને નીચામાં ૮,૫૮૯ના સ્તરને સ્પર્શી, ૬૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫૯ પોઈન્ટ વધી ૮,૬૨૮ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે બુલડેક્સ એપ્રિલ વાયદો ૧૪,૯૦૯ના સ્તરે ખૂલી, ૧૨૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૬ પોઈન્ટ વધી ૧૪,૯૩૪ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૪૭૬૯૧ સોદાઓમાં રૂ.૪,૫૬૫.૧૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૦૪.૧૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૫.૭૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૫૮૭.૨૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૯૭.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૩૧.૬૦ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૩૪ ખૂલી, ઊપરમાં રૂ.૨૮૬.૬૦ અને નીચામાં રૂ.૨૦૫ રહી, અંતે રૂ.૨૪.૩૦ વધી રૂ.૨૭૪.૯૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૪૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૯.૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૮ અને નીચામાં રૂ.૨૭.૭૦ રહી, અંતે રૂ.૪.૬૫ વધી રૂ.૩૫.૨૫ થયો હતો. સોનું મે રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૪૦ અને નીચામાં રૂ.૧૯૫ રહી, અંતે રૂ.૨૦ વધી રૂ.૨૨૨.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૩૪.૨૦ અને નીચામાં રૂ.૧૬૮.૭૦ રહી, અંતે રૂ.૨૧.૨૦ ઘટી રૂ.૧૮૧.૯૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૪૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૯.૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૦.૨૦ અને નીચામાં રૂ.૨૨.૭૫ રહી, અંતે રૂ.૩.૨૦ ઘટી રૂ.૨૪.૭૦ થયો હતો. સોનું મે રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૫૪.૫૦ અને નીચામાં રૂ.૨૬૪.૫૦ રહી, અંતે રૂ.૯ ઘટી રૂ.૩૧૫ થયો હતો.

## રામ નવમી અને હનુમાન જયંતિ મનાવવા માટે મધ્યપ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષે પાર્ટી નેતાઓને પત્ર લખ્યો

,ભોપાલ,તા.૬

મધ્યપ્રદેશમાં ભાજપને ટક્કર આપવા માટે કોંગ્રેસ એકવાર ફરીથી હિન્દુત્વના માર્ગ પર ચાલી રહી છે.પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ કમલનાથે પાર્ટી નેતાઓને રામનવમી અને હનુમાન જયંતી મનાવવા માટે પત્ર જારી કર્યો છે.

પત્રમાં લખવામાં આવ્યું છે કે પ્રદેશ કોંગ્રેસ અધ્યત્ર માનનીય કમલનાથ (પૂર્વ મુખ્યમંત્રી)ના નિર્દેશાનુસાર સમય સમય પર આયોજીત કરવામાં આવનાર વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોના સંબંધમાં પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા તમને નિર્દેશિત કરવામાં આવી રહ્યાં છે કે આ મહીને ૧૦ એપ્રિલે રામ નવમી અને ૧૬ એપ્રિલ ૨૦૨૨ના રોજ હનુમાન જયંતી છે.આ બંન્ને મંગલમય ધાર્મિક પર્વ પ્રસંગ પર ભગવાન રામ તથા વાચન,રામલીલા અને ભગવાન રામની પુજા અર્ચનાના કાર્યક્રમ તથા હનુમાન જયંતી પર સુંદર કાંડ અને હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

રમઝાનના મહીનામાં ફક્ત રામનવમી અને હનુમાન જયંતીને મનાવવા માટે પત્ર જારી કર્યા બાદ ભાજપની સાથે સાથે ખુદ કોંગ્રેસ ધારાસભ્યે જ સવાલ ઉઠાવ્યા છે ભાજપ ધારાસભ્ય અને પૂર્વ પ્રોટેમ સ્પીકર રામેશ્વર શર્માએ તેને કોંગ્રેસનો પાખંડ ગણાવ્યો છે.

તેમણે કહ્યું કે રામને કાલ્પનિક બતાવનારી કોંગ્રેસ હવે એક પછી એક ચુંટણી હારી ગયા બાદ રામને યાદ કરી રહી છે જયારે આજ કોંગ્રેસે રામસેતુ પર જ સવાલ ઉઠાવ્યા હતાં અયોધ્યામાં રામ મંદિર બન્યા બાદથી અત્યાર સુધી રાહુલ ગાંધીએ અભિનંદનનો કોઈ ટ્વીટ કર્યો નથી તો એ બતાવે છે કે કોંગ્રેસ ફક્ત ચુંટણી હિન્દુ છે.

## RAKSHA MANTRI ADDRESSES IAF COMMANDERS` CONFERENCE



Ahmedabad,
Wednesday, 06 Apr 2022

The Hon`ble Raksha Mantri (RM), Shri Rajnath Singh, inaugurated the Air Force Commanders' Conference (AFCC) at Air Headquarters in New Delhi today. The conference was attended by Hon`ble Raksha Rajya Mantri, Shri Ajay Bhatt and Defence Secraary Dr Ajay Kumar, along with senior commanders of the Indian Air Force. Speaking to the senior commanders, the RM stated that the topics being discussed in AFCC were relevant and contemporary in the-present context, and covered the entire canvas of issues/ challenges that are being faced by the Nation. He brought out that he was happy to observe that the directions given by higher authorities were comprehensively being discussed in the conference and would be the guiding light for all future courses of action. He covered the challenges being faced on the Northern and Western borders and expressed his satisfaction in the way Indian Armed Forces have been able to respond to emerging situations.

The Hon'ble RM praised the Indian Air Force's evacuation effort in Operation Ganga which has been appreciated by the Country. He brought out that the current geopolitical situation has again highlighted the need for indigenisation.

The Chief of the Air Staff, Air Chief Marshal VR Chaudhari, subsequently addressed the commanders and asked them to be ready to mea all challenges and enhance capabilities for responding in multiple domains at short notice. He also emphasised the need for conserving assas, optimally utilising resources and the need for jointmanship to enhance National Security.

To provide a boost to the growing indigenous drone industry, Hon'ble Raksha Mantri launched the "MEHAR BABA COMPETITION - II". The compaition is aimed at developing technology for a "Swarm Drone based system to daect Foreign Objects on Aircraft Operating Surfaces".

During the three-day conference, the Air Force Commanders will discuss important issues related to future challenges in a Hi-tech and evolving operational scenario. The theme for this Conference is 'Optimising human resources' and the focus will be on conduct of operations in a smart and efficient manner. Mitigation of threats posed by drones will also be brainstormed during the conference.

## ડેઝર્ટ કોર દ્વારા કાશ્મીર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું




અમદાવાદ
૬ એપ્રિલ ૨૦૨૨

જમ્મુ અને કાશ્મીરમાં પ્રવર્તમાન સુરક્ષા સ્થિતિ અંગે માહિતી મેળવવા માટે, આર્મી કમાન્ડર લેફ્ટેનન્ટ જનરલ જે.એસ. નૈન, પરમ વિશિષ્ટ સેવા મેડલ, અતિ વિશિષ્ટ સેવા મેડલ, સેના મેડલની અધ્યક્ષતામાં પૂણે સ્થિત સધર્ન કમાન્ડના નેજા હેઠળ ડેઝર્ટ કોર દ્વારા વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વેબિનારમાં કાશ્મીરમાં સામાજિક, રાજકીય અને આર્થિક રૂપરેખાઓનો વિકાસ, કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછીની સ્થિતિ અને તેના પરિણામે વૈશ્વિક તેમજ રાષ્ટ્રીય સુરક્ષા પરિદ્દશ્યમાં આવેલા પરિવર્તન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ત્યારપછી, ભાવિ રૂપરેખા પર એક સંવાદ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમણે સુશાસનના વિવિધ આધારસ્તંભોથી કાશ્મીર સાથે કામ કર્યું છે તેવા અગ્રણી પ્રેક્ટિશનરોએ વર્તમાન મુદ્દાઓ પર તેમના નિખાલસ મંતવ્યો રજૂ કર્યા હતા.

પેનલિસ્ટોમાં લેફ્ટેનન્ટ જનરલ ડી.પી. પાંડે, ઁઝ ચિનાર કોર, લેફ્ટેનન્ટ જનરલ કે.જે.એસ. ધિલ્લોન (નિવૃત્ત), ભૂતપૂર્વ ઁઝ ચિનાર કોર, જેમણે પુલવામા ઘટના દરમિયાન તે બાબતોનું સુકાન સંભાળ્યું હતું, તેમજ શ્રી રાજેન્દ્ર કુમાર, જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ ઢૂઁ અને શ્રી ટી.સી.એ. રાઘવન, પાકિસ્તાનમાં ભારતના ભૂતપૂર્વ ઉચ્ચાયુક્ત અને વિદેશ નીતિના નિષ્ણાંત, સામેલ રહ્યા હતા. જાણીતા પત્રકાર શ્રી આદિત્ય રાજ કૌલ, જાણીતા લેખક અને એક્ટિવિસ્ટ શ્રી બશીર અસદ, શ્રી અયાઝ વાની, શ્રી રાજા મુનીબ અને ઁઢજીઇ ખાતે દક્ષિણ એશિયાના નિષ્ણાંત ડૉ. અશોક બેહુરિયાએ પણ તેમના મંતવ્યો રજૂ કર્યા હતા અને ભાવિ માર્ગનું સૂચન કર્યું હતું.

વક્તાઓએ કાશ્મીરમાં બદલાતી ગતિશીલતાઓ અને સુરક્ષા સ્થિતિ પર તેની અસરો અંગે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. જમ્મુ અને કાશ્મીરમાં પ્રવર્તમાન સ્થિતિ પર સંભવિત અસરો સાથે વૈશ્વિક, રાષ્ટ્રીય અને પ્રાદેશિક પરિપ્રેક્ષ્યથી જોખમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું અને તેના પર ચર્ચા કરવામાં આવી હતી. આપણા વિરોધીઓના છૂપા એજન્ડાથી પ્રેક્ષકોને માહિતગાર કરવા માટે એક સત્ર દરમિયાન તેમની સમક્ષ આંદોલનાત્મક ગતિશીલતા અને વ્હાઇટ-કોલર ત્રાસવાદ અંગે ઊંડાણપૂર્વક મૂલ્યાંકન પણ રજૂ કરવામાં આવ્યું હતું. આ વેબિનાર દ્વારા સુશાસનના તમામ સ્તરો પર માલિકી સુનિશ્ચિત કરવા માટે એક નક્કર અને સંતુલિત ×સંપૂર્ણ રાષ્ટ્ર×ના અભિગમની જરૂરિયાત પર ભાર મૂકવા ઉપરાંત, કાશ્મીર અને તેના લોકો માટેના ભાવિ પૂર્વાનુમાન અંગેની પ્રતિભાવ ગણતરીને સંચાલિત કરવા માટે વિવિધ હિતધારકો મેળવવાનો પ્રામાણિક પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આર્મી કમાન્ડરે તેમના સંબોધનની સમાપન ટિપ્પણીમાં આ વેબિનારની મુખ્ય બાબતોનો પુનરુચ્ચાર કર્યો હતો અને યુવા અધિકારીઓને દેશની વર્તમાન સ્થિતિથી અવગત રહેવા માટે તેમજ ભૂ-વ્યૂહાત્મક મોરચા પર કાશ્મીરની ઉભરી રહેલી ગતિશીલતાને સમજવા માટે પ્રભાવિત કર્યા હતા.

તેમણે યુવાનો મુખ્ય પ્રવાહને અનુરૂપ રહે તે સુનિશ્ચિત કરવા માટે શિક્ષણ પ્રણાલીમાં સુધારાની આવશ્યકતા હોવાનું કહ્યું હતું અને મુખ્ય સંસ્થાઓમાં નાર્કો ત્રાસવાદ રોકાવા તેમજ ઘુસણખોરી વિરુદ્ધ સુરક્ષાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. તેમણે ખાસ પુનરુચ્ચાર કર્યો હતો કે, છેલ્લા કેટલાક વર્ષમાં જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ની નાબૂદી, સીમાંકન અને પૂર્વાયોજિત રાજ્યનો દરજ્જો આપવા જેવા નિર્ણયો લેવામાં આવ્યા તે એક એવું મજબૂત અને નિર્ણાયક નેતૃત્વ દર્શાવે છે જે, એક ધર્મનિરપેક્ષ, બહુમતીવાદી એજન્ડાને આગળ ધપાવે છે, તેમજ જમ્મુ અને કાશ્મીરના વિકાસ અને કલ્યાણ માટે તે જરૂરી પણ છે. તેમણે જણાવ્યું હતું કે, બહેતર નીતિ ઘડતરના નિર્ણયોને સક્ષમ કરવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને સામાજિક-આર્થિક અસરના ઓડિટને ધ્યાનમાં લઇ શકાય.

આર્મી કમાન્ડરે તમામ હિતધારકોને સલાહ આપી હતી કે, તેઓ પાકિસ્તાનના આગામી વ્યૂહાત્મક પેંતરાઓનો સામનો કરવા માટે તૈયાર રહે. તેમણે કહ્યું હતું કે, ભારત મુત્સદ્દીગીરી અને વાતચીત દ્વારા શાંતિ તેમજ સમસ્યાઓના નિરાકરણ માટે ઊભું છે, પરંતુ આના માટેની પૂર્વશરત એ છે કે, શાંતિ માટેની શરતો યોગ્ય હોવી જોઇએ અને પાકિસ્તાન દ્વારા કરવામાં આવતું પ્રોક્સી વોર બંધ થવું જોઇએ.

આ વેબિનારમાં સધર્ન કમાન્ડ હેઠળ આવતા વિવિધ ૩૨ સ્ટેશનોમાંથી ૧૧૦૦ જેટલા અધિકારીઓ જોડાયા હતા.

આ વેબિનારમાં આપવામાં આવેલી માહિતીથી વધુ સશક્ત અને માહિતીસભર બન્યા હોવાથી પેનલિસ્ટો દ્વારા આપવામાં આવેલી આંતરિક માહિતી અંગે આ પહેલની વ્યાપક પ્રમાણમાં પ્રશંસા કરવામાં આવી હતી.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No : 114**

વિભાગ : પદ્ય.
શબ્દ :વિસામો
શિર્ષક : તને યાદ મારી આવશે.
શબ્દ સંખ્યા-૧૩૦.

રચનાઃ

ધબકશે દિલ મારુને, તને યાદ મારી આવશે.
આંખોમાંથી વહેશે અશ્રુઓ મારા ને, તને યાદ મારી આવશે.
કેમ કરી સમજાવું ,તને આ વિરહની વાત.
ધગધગતા અંગારા પર ચાલીને પણ ચાહું છું હું તને.
એ અંગારા પર ચાલતા પગમાં પડશે,જ્યારે પડશે સાલા.
ત્યારે તને યાદ મારી આવશે.
નહી જીવી શકું તારા વગર પણ તે દીધેલી છે આણ મને. તારા પ્રેમમાં પાગલ છું, રહીશ પણ તારા વગર જિંદગી જીવવી અધુરી લાગશે મને.
જ્યારે મારા દર્દનો અહેસાસ થશે તને,ત્યારે યાદ તને મારી આવશે. જિંદગીને જીવવા ખાતર જીવી નાખીશ, અંતે તારા ખોળામાં આખરી વિસામો નાખી જિંદગીનો આખરી પડાવ પૂરો કરીશ.
ત્યારે ધબકશે આખરી વાર "પવિ" નું દિલ અને તને યાદ મારી આવશે.

કથીરીયા પ્રવિણા "પવિ" હાલ-નવસારી.
વતન - જુનાગઢ જીલ્લાનું નાનકડુ ઉમરાળી ગામ.

---

**NOG SS No : 100**

નામ : બીજલ જગડ
પ્રકાર : પદ્ય
શીર્ષક : વિસામો

ચરણ થાકે શેરીની ધૂળ જેમ વિખરતી,
ખર ખર સદીઓ છાતીમાં જાય ખરતી.

પગમાંથી પગલાંઓ જળમાંથી દરિયાઓ,
વીતેલા લાખ ભવો, આંજે આંખે ભરતી.
જીવનની સરિતા સુખ દુ:ખ એના બે કાંઠા,
બરછટ હથેળીઓમાં હાથ રેખા વહેતી.
મારો પંથ ચાલે તો આગળ હું ચાલુ,
બે ચાર ડગલે વળાંક મળે જો શુકનવંતી.
કંટક ભર્યા પંથ પર ચાલી હું થાક્યો,
કે પંથે પેહેર્યો લીલો મોડ નથી ખંડેરવંતી.
શાંત કિનારે ધસમસતા મોજાં ને વિસામો,
આભ પવન મન પાણી આકાશ ઠેક્તી.

બીજલ જગડ,મુંબઈ ઘાટકોપર

---

**NOG.S.S NO. 0032**

વિષયઃ વિસામો
પ્રકારઃ પદ્ય
શીર્ષકઃભરોસો

સાંજ પડે લીધો વરસાદે આજ વિસામો,
વરસતા વરસાદનો મીનુને આજ થઈ ગયો ભરોસો.
વરસતાં વરસાદમાં વાત વહેતી મૂકી,
નજરો મળતાં જ વાત શાનમાં કીધી.
દિલમાં છે જેનું નામ એને જ વહેતી મૂકી,
મનમાં બહુ હરખાણી એને જ કાનમાં કીધી.
સપનું હતું એજ વાત આજ હકીકત બની,
મનમાં હતી વાત એજ આજ ખુશાલી બની.
વહેતા શબ્દો અંતરનાં ઊંડાણમાં અડકે છે,
મનમાં ખુશીથી આજ અનહદ ઝૂમી ઊઠે છે.
સાંજ પડે લીધો વરસાદે આજ વિસામો.
વરસતા વરસાદનો મીનુને આજ થઈ ગયો ભરોસો.

મીના માંગરોલીયા મીન,અમદાવાદ ..

---

**NOG SS No.109**

વિષય :-વિસામો
શિર્ષક :સમય મળે તો
પ્રકાર :-પદ્ય

"સમય મળે તો "
તારી આંખોમાં ઝોંકજે સમય મળે તો,
મેં વિસામો લીધો જોજે સમય મળે તો.
પ્રસંદ કરજે એકાંત એવું કે ઉઘડી પડું,
એકએક પડો ખોલજે સમય મળે તો.
ઘણો બારીક બની સરકયો હવાથી એ,
દૃષ્ટિ દિવ્ય જોજે સમય મળે તો.
ભીંતરથી યે ભીંતર મુકામ કરી લીધો,
બળે દીપ રાત જોજે સમય મળે તો.
જગમગ શણગારી ઝોપડી બેમિસાલ,
અંતરવાસ ઉજાશ જોજે સમય મળે તો.
ભઠ્ઠી સળગાવી ગોખમાં અખંડ "મહેક",
ફરે નાચ લઈ પગલા જોજે સમય મળે તો.

બાબુ સંગાડા "મહેક",હાલોલ

---

**NOG SS No.0007**

વિષય : વિસામો
પ્રકારઃગદ્ય,માઈક્રોફીક્શન
શિર્ષક : બાપનું ઘર

એને આપણે લતિકા કહેશું.પંચાવનની આસપાસની ઉંમર, તેજસ્વી ચહેરો,શરીર હજી પણ ખડતલ,અને હૈયામાં હામ.પંચાવન વર્ષે પણ પાણીદાર આંખો.એવી લતિકા નંદનવન વિશ્રામ ગૃહની ઓફિસમાં દલપતરામ સામે બેઠી હતી.

"નામ "
"લતિકા."
"ઉંમર?"
" પંચાવન વર્ષ."
"રહેઠાણનું સરનામું?"
" નથી."
"કોઈ સગાંવહાલાંનું સરનામું?"
"નથી."
"મિત્રવર્તુળમાંથી કોઇનો નંબર, સરનામું?"
"કોઈ નથી."

દલપતરામે પોતાનાં હાથની પેન નીચે મૂકી આશ્ચર્યથી લતિકા સામે જોયું અને બોલ્યાં," બેન કોઈ તો હશે જે તને ઓળખતું હોય.અહીં આવવા પહેલાં જ્યાં રહેતી હતી ત્યાંનું સરનામું આપ.જેથી કરીને ભવિષ્યમાં ન કરે નારાયણ ને જો તને કંઈ થઈ જાય તો સંસ્થા તારાં સગાં સુધી સમાચાર પહોંચાડી શકે." એટલે લતિકા એજ પાણીદાર આંખોમાં મક્કમતાના ભાવ સાથે બોલી," પરણેલી હોત અને કોખ ખાલી રહી હોત તો વાંઝીયાણી કહેવાત,કદાચ એ સહન થઈ જાત.પરંતુ જે સંબંધોને મેં જન્મ આપ્યો, હૂંફ,પ્રેમ અને લાગણીથી સીંચ્યા, એમનું સંવર્ધન કર્યું; જેમના માટે એક ક્ષણ પણ વિસામાનો વિચાર કર્યા વગર એ મૃગજળ સમાન સંબંધોને પકડી રાખ્યાં કે જીવનનાં અંતિમ વિસામે આજ સંબંધો છાંયો આપશે.પરંતુ એ આશા ઠગારી નીકળી.વિસામે પ્હોંચી ત્યારે જ સમજાયું કે આપણો વિસામો આપણે જ નક્કી કરવાનો હોય."આટલું બોલતાં બોલતાં લતિકાની પાણીદાર આંખોમાં ખારો દરિયો ડોકાયો.દલપતરામે રજીસ્ટરમાં લતિકા દલપતરામ વેદ લખીને પેનનું ઢાંકણું બંધ કરી દીધું.અને લતિકાના માથે હાથ મૂકી કહ્યું," બેટા આ તારાં બાપનાં નંદનવન વિશ્રામ ગૃહમાં તારૂં સ્વાગત છે."

લેખિકા : આરતી અઢીયા મરચંટ
મુંબઈ : કાંદિવલી

# પાક.ત્રણ ટુકડા થવાની ઈમરાને ભીતિ વ્યક્ત કરી ભારતની વિદેશનીતિ,પાસપોર્ટ અને વિઝા સહીત પાકિસ્તાનના વિરોધ પક્ષની વાતો કરી

ઈસ્લામાબાદ,તા.૬

પાકિસ્તાનમાં ઈમરાન ખાનના હાથમાંથી સત્તા ગઈ છે. અવિશ્વાસની દરખાસ્ત પર મતદાન થયું ના હોવા છતાં, ઈમરાનખાનને ફરીથી મધ્યસત્ર ચૂંટણી કરાવવાની વિપક્ષોએ ફરજ પાડી હતી. હાલ સમગ્ર મામલો સુપ્રીમ કોર્ટમાં છે. નિર્ણય ભલે ગમે તે આવે, પરંતુ હવે પાકિસ્તાનમાં ટૂંક સમયમાં ચૂંટણી યોજાશે તે નિશ્ચિત મનાય છે.પાકિસ્તાનની ખાનગી ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં ઈમરાનખાને ૩૦ મિનિટની અંદર સાત વખત ભારતનું નામ લીધું અને દરેક વખતે ભારતના વખાણ કર્યા. ઈમરાને પાકિસ્તાનના ત્રણ ટુકડા થઈ જવાનો પણ ભય વ્યક્ત કર્યો હતો. ઈમરાનખાને ભારતની વિદેશનીતિ, ભારતના પાસપોર્ટ અને વિઝા સહીત પાકિસ્તાનના વિરોધપક્ષની વાતો કરી હતી.

ઈમરાનખાને પોતાના ઈન્ટરવ્યુમાં કહ્યું, 'હું સ્વતંત્ર વિદેશ નીતિ બનાવી રહ્યો છું. લોકો તેની સામે ષડયંત્ર રચી રહ્યા છે. બધા મુસ્લિમ દેશોને જુઓ. દરેક દેશ જેની પાસે મજબૂત સૈન્ય હતું તે નબળું પડી ગયું હતું. ઈરાક, ઈરાન, સીરિયા, લિબિયા, સોમાલિયા. જેમની પણ સ્વતંત્ર વિદેશ નીતિ હતી. તેઓ બરબાદ થઈ ગયા. હવે આ તે છે જે તે અમારી સાથે કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. જો આપણી પાસે મજબૂત સેના નથી, તો આ દુશ્મનો દેશના ત્રણ ટુકડા કરી શકે છે. એટલા માટે હું, ગમે તે થાય છતા, ક્યારેય મારી સેના વિરુદ્ધ બોલીશ નહીં.

ઈમરાનખાને ઈન્ટરવ્યુમાં પોતાના દેશની સ્થિતિ જણાવી. જૂના વડાપ્રધાનોની ટીકા કરી અને પછી પ્રગતિ માટે ભારતનો દાખલો બેસાડ્યો. તેમણે કહ્યું, 'હિંદુસ્તાન આપણી સાથે આઝાદ થયું, પરંતુ આજે તે આપણાથી ઘણું આગળ નીકળી ગયું છે. આપણે ત્યા લાંચ, ભ્રષ્ટાચાર, નેતાઓ દ્વારા કરાતી અનેક પ્રકારની ગેરરીતિ આખા દેશને બરબાદ કરી દીધો છે.

ઈમરાને કહ્યું, 'હું પાકિસ્તાનના વિઝન માટે રાજકારણમાં આવ્યો છું. પરંતુ આ લોકોને વિરોધીઓને) પાકિસ્તાનની પરવા નથી. ભારતના મુસ્લિમોએ અલગ દેશ પાકિસ્તાન માટે મત આપ્યો. તેમની વિચારસરણી પ્રતિભાશાળી હતી. તેમનુ એક સ્વપ્ન હતું. તેમણે વિચાર્યું કે મુસ્લિમોનો એવો દેશ બનાવીશું જે આખી દુનિયા માટે એક ઉદાહરણ બની જશે. પ્રામાણિક દેશ હોય. જ્યાં બધાને સમાન ન્યાય મળશે. લોકોને તેમનો હક્ક મળશે. સુરક્ષા મળશે. પણ આ ડાકુઓએ આપણને દુનિયામાં નામોશી અપાવી છે. તમે જુઓ. આપણા વિઝાનું શું મહત્વ છે અને પાડોશી દેશ ભારતના વિઝા વિશે વિશ્વ શું વિચારે છે?

# ચાણસ્મા પોલીસ દ્વારા અસ્થિર મગજના યુવાન ને તેના પરિવારજનો થી મિલાપ કરાવ્યો

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્મા ખાતે આવેલ પોલીસ મથકના પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ચાણસ્માના લણવા ખાતે એક યુવાન બિહારી ભાષામાં બકવાટ કરતો હોય તેવી તેમને જાણ થતા ચાણસ્મા પોલીસ મથકે લાવી વધુ પૂછપરછ હાથ ધરી હતી

પોલીસ મથકથી મળતી અનુસાર ચાણસ્મા પોલીસ મથકના પી.આઈ શ્રી આર.એમ વસાવા, કેતન કુમાર ગોવિંદભાઈ, ચેનુજી નાગજીજી, શૈલેષકુમાર રૂગનાથભાઈ, આશિષકુમાર વાલાભાઈ, ગુણવંતી અજીતસિંહ, રોનક કુમાર રમેશભાઈ સહિતના ચાણસ્મા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ચાણસ્મા તાલુકાના લણવા ગામે એક યુવાન મળી આવતા તેની વધુ પુછપરછ કરતા તે બિહારી ભાષામાં બોલતો હતો તેમજ તેનું નામ મહમદ નસીમ ઈકબાલ અહમદ શાહ ઉંમર વર્ષ ૨૫ મૂળ રહે સિરીસીયા હોવાનું જણાવતા તેમજ તેના મોટા ભાઈ નો મોબાઈલ નંબર જણાવેલ હોય ચાણસ્મા પોલીસ દ્વારા તેના ભાઈનો સંપર્ક કરી પરિવાર સાથે મિલન કરાવી સરાહનીય કામગીરી કરી હતી.

# આજનો યુવાન એ દેશનું ભવિષ્ય છે,ભક્તિમાર્ગમાં યુવાનોને આગળ લાવો



શહેરા તાલુકાના વાડી ગામ ખાતે સંત નિરંકારી મિશનના ઝોનલ ઈન્ચાર્જ સંતશ્રી ભૂપેન્દ્રભાઇ,દાહોદ ની અધ્યક્ષતામાં સત્સંગ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આસપાસના અનેક ગામોમાંથી સંતોએ પધારી સંતવાણીનો રસાસ્વાદ કરાવ્યો હતો.કાર્યક્રમની શરૂઆત સુમધુર ભક્તિ રચનાઓથી થઇ હતી.શ્રી વિનોદભાઇ માછીએ પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે શુભ કર્મો કરવાથી જ શુભકામનાઓ સાર્થક થાય છે.બાળકોને વારસામાં સારૂં શિક્ષણ અને સારા સંસ્કાર આપજો.વ્યસનોમાં યુવાધન બદબાદ થઇ રહ્યું છે તેમને ભક્તિમાર્ગમાં જોડવાની જરૂર છે. પોતાના અધ્યક્ષીય પ્રવચનમાં મહા.ભૂપેન્દ્રભાઇએ કહ્યું હતું કે આજનો યુવાન એ દેશનું ભવિષ્ય છે, ભક્તિમાર્ગમાં યુવાનોને આગળ લાવો,નવયુવાનોનું જોશ અને વડીલોના હોંશથી પરીવર્તન શક્ય બનશે. ભક્તના જીવનમાં માન-સન્માન કે યશ કિર્તિની કોઇ લાલસા હોતી નથી.આજે તમામ વ્યક્તિઓ પરમાત્માની ચર્ચા તો કરે છે પરંતુ પરમાત્માને જાણ્યા વિના ભક્તિ કરી રહ્યા છે તે પરમાત્માને જાણીને પૂજા કરે તો ભક્તિનો આનંદ આવે છે.સેવા કાર્ય ફક્ત સેવા ભાવથી જ કરો.સેવા કાર્યમાં જ્યારે અહમ તથા કર્તાભાવ આવી જાય છે ત્યારે સુખ-આનંદ મળતાં નથી.પ્રેમ-નમ્રતા-સમદ્રષ્?ટિ-સહનશીલતાને જીવનનો આધાર બનાવો.અંતમાં શ્રી ચંદ્રસિંહજીને વાડીના મુખી તરીકે નિયુક્તિ કરી દુપટ્ટો પહેરાવી સત્સંગ વધારવા જવાબદારી સુપ્રત કરી હતી.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## શ્રી અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના—રાજકોટ દ્વારા મનુભાઈ મીરાણી સંચાલિત

# 'શ્રી રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર ના ઉપક્રમે રઘુવંશી ડોકટર્સ યુવક યુવતીઓ માટે ઓનલાઈન 'શ્રી રઘુવંશી ડોકટર્સ પરીચય મેળો

રઘુવંશી સમાજનાં વરિષ્ઠ સમાજ સેવક મનુભાઈ મીરાણી દ્વારા ૨૧ વર્ષથી લોહાણા સમાજનાં લગ્નોઉત્સુક યુવક—યુવતીઓ માટે નિઃશુલ્ક 'રઘુવંશી વૈવિશાળ માહિતી કેન્દ્ર' ચલાવવામાં આવે છે. અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના—રાજકોટ દ્વારા મનુભાઈ મીરાણીના માર્ગદર્શનમાં રઘુવંશી ડોકટર્સ યુવક-યુવતીઓ માટે શ્રી રઘુવંશી ડોકટર્સ ઓનલાઈન પરીચય મેળાનું આયોજન તા.૦૯/૦૪/૨૦૨૨, શનીવારનાં રોજ સાંજે ૬-૦૦ કલાકથી કરાયું છે. જેમાં સમગ્ર વિશ્વમાંથી અંદાજે ૧૭૫ લગ્નોત્સુક રઘુવંશી ડોકટર્સ ભાગ લેશે. સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છનાં લાખો રઘુવંશીઓનાં શૈક્ષણીક, મેડીકલ, સુરક્ષા, સેવાકીય સહીતનાં ક્ષેત્રોમાં પ્રગતી માટે એક દશકાથી વધારે સમયથી જુનાગઢના ડેપ્યુટી મેયર અને અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેનાનાં અધ્યક્ષ ગિરીશભાઈ કોટેચાનાં માર્ગદર્શનમાં અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના સેવારત છે. જ્ઞાતિ સેવા માટે કેન્દ્રિય સંગઠન નાં પદુભાઈ રાઈચુરા, કૃષ્ણકાંતભાઈ રૂપારેલીયા,મહિલા શ્રેષ્ઠી શ્રીમતી કશ્મીરાબેન નથવાણી,જગદીશભાઈ જોબનપુત્રા સહિતનાંઓ સૌરાષ્ટ્ર-કચ્છ સંગઠન ને માર્ગદર્શન આપી રહ્યાં છે.

યુવક-યુવતીઓ 'લગ્ન પહેલા થેલેસેમીયા ટેસ્ટ' અચુક કરાવે અને તેના થકી આગામી વર્ષોમાં 'ચેલેસેમીયા મુકત રઘુવંશ, થેલેસેમીયા મુકત સમાજ' બને, તથા કમળા ફૂલ જેવા બાળકો મોતના મુખમાં જતા અટકે તેવા ઉમદા, પવિત્ર આશયથી હવેથી થેલેસેમીયા ટેસ્ટ કરાવ્યો હોય તેને જ નિઃશુલ્ક શ્રી રઘુવંશી વૈવિશાળ માહીતી કેન્દ્ર માં પ્રવેશ અપાઈ રહયો છે. વૈવિશાળ માહિતી-માર્ગદર્શન અપાઈ છે.આ નિયમનું અત્યંત કડક અમલીકરણ કરાઈ રહ્યું છે.

રઘુવંશી સમાજના વૈશ્વીક શ્રેષ્ઠીઓ આ પરીચય મેળાને આશીર્વાદ આપવા ઓનલાઈન ઉપસ્થિત રહેશે. સમગ્ર આયોજન અંગે લોહાણા સમાજની બધી સંસ્થાઓ, મેરેજ માહિતી કેન્દ્રના સંચાલકોનો સક્રિય સહયોગ મળી રહ્યો છે. સમગ્ર વિશ્વના રઘુવંશી ડોકટર્સોના વિવિધ એસોસીએશનના સર્વે અગ્રણીઓનો પણ સક્રિય સહયોગ મળી રહ્યો છે. નિઃશુલ્ક, રઘુવંશી ડોકટર્સ યુવક-યુવતીઓ માટે શ્રી રઘુવંશી ડોકટર્સ પંસદગી સમારોહની વિશેષ માહિતી માટે મનુભાઈ મીરાણી (મો.૯૪૨૮૪૬૬૬૬૩), અને વોટસએપ પર બાયોડેટા મોકલવા માટે, મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯). સંજયભાઈ કક્કડ (મો.૯૮૨૪૦૪૩૭૯૯), નિતીનભાઈ ભુપતાણી (મો.૯૪૨૬૪૬૦૨૯૫), પ્રફુલભાઈ ચંદારાણા (મો.૯૪૨૬૪૦૬૭૩૨), હિરેનભાઈ મહેતા, દિલીપભાઈ કુંડલીયાનો સંપર્ક કરવો. આ ઓનલાઈન પરીચય મેળામાં સમગ્ર વિશ્વમાંથી અંદાજે ૧૭૫ લગ્નોત્સુક રઘુવંશી ડોકટર્સ ભાગ લેશે. શ્રી અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના—રાજકોટ દ્વારા મનુભાઈ મીરાણી સંચાલિત શ્રી રઘુવંશી વિશાળ માહિતી કેન્દ્ર (નિઃશુલ્ક) ના ઉપક્રમે રઘુવંશી ડોકટર્સ યુવક-યુવતીઓ માટે ઓનલાઈન 'શ્રી રઘુવંશી ડોકટર્સ પરીચય મેળા ને સફળ બનાવવા માટે અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના—રાજકોટનાં પ્રમુખ મિતલ ખેતાણી, સલાહકાર સમિતીના અધ્યક્ષ અને પૂર્વ મેયર જનકભાઈ કોટક, સૌરાષ્ટ્ર-કચ્છની યુવા પાંખના અધ્યક્ષ કલ્પેશ હરીશભાઈ પલાણ, ઉપપ્રમુખો ભરતભાઈ કોટક, દિપકભાઈ રાજાણી, ગૌરાંગભાઈ ઠકકર, નલીનભાઈ તન્ના, ચંદુભાઈ રાયચુરા,મહામંત્રીઓ સંજયભાઈ કકકડ અને કનુભાઈ હિંડોચા, થેલેસેમીયા સમિતીનાં જીતુલભાઈ કોટેચા, ધર્મેશભાઈ કકકડ, બાલાભાઈ સોમૈયા, રાજકોટ યુવા પાંખના અધ્યક્ષ હિરેન વડેરા, ચેતનભાઈ ગણાત્રા, રાજેશભાઈ કારીયા, ધીરેન્દ્રભાઈ કાનાબાર, કિરીટભાઈ કેસરીયા, પ્રફુલભાઈ ચંદારાણા, હિરેનભાઈ મહેતા , દિલીપભાઈ કુંડલીયા , નીતીનભાઈ ભુપતાણી, પાર્થ ધામેચા, મિત્સુ ઠકરાર સહિતનાં જહેમત ઉઠાવી રહયાં છે.

## મને કલિયુગમાં સત્ય બોલવાની સજા મળી છે.

# મહાત્મા ગાંધી પર વાંધાજનક ટિપ્પણી કરનાર કાલીચરણ મહારાજને જામીન મળ્યા

ઈન્દોર,તા.૬

મહાત્મા ગાંધી પર વાંધાજનક ટિપ્પણી કરનાર કાલીચરણ મહારાજને જામીન મળી ગયા હતા અને ત્યાર બાદ તેઓ જામીન પર બહાર આવ્યા હતા. જેલમાંથી બહાર આવ્યા બાદ કાલીચરણ મહારાજ પહેલીવાર ઈન્દોર પહોંચ્યા, જ્યાં એરપોર્ટ પર તેમના સમર્થકોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું. આ દરમિયાન કાલીચરણ મહારાજે મહાત્મા ગાંધી પર વધુ એક ટિપ્પણી કરી અને કહ્યું કે તેમને સત્ય બોલવાની સજા મળી છે.હકીકતમાં, કાલીચરણ મહારાજનું મધ્યપ્રદેશના ઈન્દોર એરપોર્ટ પર તેમના સમર્થકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું, ત્યારબાદ તેઓ મીડિયા સાથે વાત કરી રહ્યા હતા. આ દરમિયાન એક પત્રકારે પૂછ્યું કે તમે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી પર વાંધાજનક ટિપ્પણી કરી હતી અને શું તમને તેનો અફસોસ છે? જવાબમાં કાલીચરણ મહારાજે કહ્યું, 'ના, મને કોઈ અફસોસ નથી. મને કલિયુગમાં સત્ય બોલવાની સજા મળી છે.

કાલીચરણ મહારાજે શું કહ્યું: હકીકતમાં, ગયા વર્ષે ડિસેમ્બરમાં છત્તીસગઢના રાયપુરમાં યોજાયેલી ધર્મ સંસદમાં કાલીચરણ મહારાજે મહાત્મા ગાંધી માટે વાંધાજનક શબ્દોનો ઉપયોગ કર્યો હતો. આ સાથે જ તેમણે મહાત્મા ગાંધીની હત્યા માટે નાથુરામ ગોડસેને પણ નમન કર્યા હતા. આ ઘટનાક્રમ બાદ કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા છત્તીસગઢમાં ઘણી જગ્યાએ ફ્રૈંઈ દાખલ કરવામાં આવી હતી. આ પછી કાલીચરણ મહારાજની મધ્યપ્રદેશમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

જણાવી દઈએ કે ૧ એપ્રિલે બિલાસપુર કોર્ટે કાલીચરણ મહારાજને જામીન આપ્યા હતા. સરકારી વકીલે કાલીચરણ મહારાજની જામીન અરજીનો જોરદાર વિરોધ કર્યો, પરંતુ તેમ છતાં કાલીચરણ મહારાજને જામીન મળી ગયા.

# મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટીના સક્રિય કાર્યકર્તા મહાસંમેલન યોજાયું

ભારતીય જનતા પાર્ટીના ૪૨ માં સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ પાર્ટીના સક્રિય કાર્યકર્તા સંમેલનનું આયોજન અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે કરવામાં આવ્યું હતું.



ગુજરાત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા ને સંબોધતા જણાવ્યું કે ભારતીય જનતા પાર્ટીના સક્રિય કાર્યકર્તાઓ 'પ્રજાના સુખમાં સુખી અને પ્રજાના દુ:ખમાં દુ:ખી' અભિગમ ધરાવે છે. આ કાર્યકર્તાઓની સેવા પ્રવૃત્તિ જ ભારતીય જનતા પાર્ટીની તાકાત છે.

વધુમાં તેમણે જણાવ્યું કે સરકારની યોજના પરીપૂર્ણ કરી તેને સાચા અર્થમાં પરિણામલક્ષી બનાવવાની જવાબદારી કાર્યકર્તાની છે. આપણે સૌ સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસની સાથે આગળ વધી શકીએ. આ સરકાર દરેક વર્ગના લોકોને સાથે લઈ આગળ વધવા મક્કમ છે અને તેમના વાહક તરીકે કાર્યકર્તાની જવાબદારી છે કે તેઓ તેને આગળ લઈ જાય.

આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ શ્રી અમિતભાઈ શાહ, સાંસદ શ્રી નરહરિ અમીનભાઈ, અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર અને અન્ય ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# રામપુરા ગામ ખાતે આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત લોકડાયરો યોજાયો

રિપોર્ટ નિખિલ જોશી
પાટણ બ્યુરો

રાજ્ય સરકાર દ્વારા હાલમાં ગુજરાત ભરમાં આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી થઈ રહી હોય જેના ભાગે વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. ત્યારે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર નાં આર્થિક સહયોગ અને ×વીર વિજય ભવાઈ કલા મંડળ× પાટણ આયોજિત આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી ભાગ રૂપે ભવ્ય લોક ડાયરો ખુલ્લો મુકવામાં આવ્યો હતો જેમાં મુખ્ય મહેમાન ગામના સરપંચ તેમજ રામપુરા ગામ પંચાયતના સદસ્યો તેમજ ભારતીય જનતા પાર્ટીના પદાધિકારી વિનય સિંહ ઝાલા તેમજ દૂધ મંડળીના મંત્રી ગામના આગેવાનો અને પત્રકાર રાજેશ જાદવ તેમજ ગ્રામજનો સહિત મહાનુભાવો ઉપસ્થિત રહી લોક ડાયરાને ખુલ્લો મુકયો હતો.

આ લોક ડાયરામાં શોર્ય ગીતો ભારતના વીર સુપૂતો અને દેશ ભક્તિના અને ભારતમાતાની ઈતિહાસ ગાથા તેમજ દેશ માટે બલિદાન આપનાર શહીદોઉપર ભવ્ય લોકગીતો શોર્ય ગીતો ગાથા દ્વારા ભવ્ય લોકડાયરામાં રજુવાત કરવામાં આવી હતી ડાયરાના કલાકારો મનહરભાઈ તુરી, મુગટલાલ જાદવ, ફરશુરામ બારોટ, હિમાંશુ જાદવ,જગદીશ જાદવ, દિલીપ તુરી, ભરત બારોટ,ધીરજભાઈ તુરી, ધવલ તુરી, તમામ કલાકાર સહિત ના સથવારે રમઝટ બોલાવી લોકોને મંત્ર મુંગ્ધ કર્યા હતા. ×વીર વિજય ભવાઈ કલા મંડળ×ના લીડર મનહરભાઈ તુરી દ્વારા તમામ લોકો નો આભાર વ્યક્ત કર્યો હતો.

# અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રીને "સર્ટિફિકેટ ઓફ કમિટમેન્ટ" એનાયત




અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેને વર્લ્ડ ઓફ રેકોર્ડ્સ દ્વારા "સર્ટિફિકેટ ઓફ કમિટમેન્ટ" એનાયત કરવામાં આવ્યું છે. કોરોનાકાળમાંઅમદાવાદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી ઉત્તમ કામગીરીને ધ્યાનમાં લઈ અમદાવાદ જિલ્લા વહીવટીતંત્રને આ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું.

અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જ્યારે જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેને આ પ્રમાણપત્ર એનાયત કરાયું તે વેળાએ નિવાસી અધિક કલેક્ટર શ્રી પરિમલ પંડ્યા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# પાટણ જિલ્લાના નવનિયુક્ત પોલીસ અધિક્ષકનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું



રિપોર્ટ નિખિલ જોશી
પાટણ બ્યુરો

છેલ્લા કેટલાય સમયથી પાટણ જિલ્લા પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતાં અક્ષય રાજ મકવાણા ની બદલી બનાસકાંઠા જિલ્લામાં થતા તેમના સ્થાને નવનિયુક્ત પોલીસ અધિક્ષક તરીકે વિજય પટેલ આવતા આજ રોજ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.પાટણ એસપી તરીકે ફરજ બજાવતા અક્ષય રાજ મકવાણા ની બનાસકાંઠા પોલીસ અધિક્ષક તરીકે બદલી થતા પાટણ પોલીસ દ્વારા માન-સન્માન સાથે તેમજ વિવિધ સંસ્થાઓ અગ્રણીઓ તેમ જ મીડિયા કર્મીઓ દ્વારા વિવિધ મોમેન્ટો આપવામાં આવી હતી તેમજ આજ રોજ તેમના સ્થાને નવનિયુક્ત પાટણ જિલ્લા પોલીસ વડા વિજય પટેલ દ્વારા ચાર્જ સંભાળતા પાટણ પોલીસ દ્વારા તેમનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

# દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક તરીકે પદભાર સંભાળતા બલરામ મીણા




દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાએ પદભાર સંભાળી લીધો છે. આ પૂર્વે તેઓ રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. તેઓ મૂળ રાજસ્થાનના ઝાલાવાડ જિલ્લાના ભવાની મંડી શહેરના વતની છે. આઈપીએસ તરીકે ગુજરાત કેડર મળ્યાં બાદ તેમની પ્રથમ નિયુક્તિ વલસાડમાં એએસપી તરીકે થઈ હતી. ત્યાર બાદ અનુક્રમે અમદાવાદ અને રાજકોટ ખાતે ડીસીપી તરીકેનો પદભાર તેમણે સંભાર્યો હતો. એસપી કચેરી ખાતે હિતેશ જોયસરે તેમને આવકાર્યા હતા.

તસવીર અભેસિંહ રાવલ
દાહોદ

# આદિ બજાર, આદિવાસી હસ્તકલા, સંસ્કૃતિ, ભોજન અને વાણિજ્યની ભાવનાની ઉજવણીનું ઉદ્ઘાટન કરાયું



આઝાદી કા અમૃત મહોત્સવની વર્ષભરની ઉજવણી ચાલુ રાખીને અને કોવિડ-૧૯ રોગચાળાની ત્રીજી લહેરના ઘટાડાને લીધે અને સામાન્ય સ્થિતિમાં પાછા ફરવાનો લાભ લેવા માટે, આદિજાતિ બાબતોના મંત્રાલયે ટ્રાઈબલ કોઓપરેટિવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન લિ. ×આદી બજાર× ના રૂપમાં આદિવાસી કલા અને હસ્તકલાના પ્રદર્શનને પુનર્જીવિત કર્યું.

એકતા નગર:TRIFED પ્રાદેશિક કચેરી ગુજરાત દ્વારા ૨૯મી માર્ચ ૨૦૨૨ થી ૦૫મી એપ્રિલ ૨૦૨૨ દરમિયાન વહીવટી ભવન ગ્રાઉન્ડ, એકતાનગર, નર્મદા ખાતે "આદી બજાર - ૨૦૨૨"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ "આદી બજાર-૨૦૨૨" નું ઉદ્ઘાટન માનનીય રાજ્ય મંત્રી આદિજાતિ વિભાગ શ્રીમતી નિમિષાબેન સુથાર અને માનનીય રાજ્યકક્ષાના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર તેમજ TRIFED ના માનનીય અધ્યક્ષ શ્રી રામસિંહ રાઠવા અને સ્થાનિક ધારાસભ્યો અન્ય મહાનુભાવોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.આદી બજાર, આદિવાસી લોકો દ્વારા ઉત્પાદિત ઓર્ગેનિક ઉત્પાદનો અને હાથવણાટના માલસામાનને દર્શાવતું વાઈબ્રન્ટ પ્રદર્શન બની રહ્યું મુલાકાતીઓ માટે આદર્શ સંભારણું પણ બન્યું. આ ૧૧ દિવસનું પ્રદર્શન હતું જે વહીવટી ભવન ગ્રાઉન્ડ, એકતાનગર, નર્મદા ખાતે યોજાયું હતું.ભારતભર નાં આદિવાસી કારીગરો વિવિધ રાજ્યોમાંથી આવ્યા હતા અને આ ×આદી બજાર-૨૦૨૨× માં તેમના વેચાણ તેમજ પ્રદર્શન માટે વિવિધ ઉત્પાદનો સાથે ભાગ લીધો હતો. આ ઈવેન્ટ દરમિયાન હજારો પ્રવાસીઓએ મુલાકાત લીધી અને તેમના પ્રતિભાવો આપ્યા છે કે તેઓ ઈચ્છે છે કે આ પ્રકારનો તહેવાર "આદી બજાર" વર્ષમાં એકવાર SOU ખાતે યોજવામાં આવે કારણ કે આ સ્થળ તેના પ્રવાસન ક્ષેત્ર માટે ખૂબ જાણીતું છે. આદી બજાર× ના આ સમયગાળામાં રાજ્ય સરકારના વિભાગ અને SOU ઓથોરિટી સ્ટાફ, વન વિભાગ વગેરેના ઘણા ઉચ્ચ અધિકારીઓએ મુલાકાત લીધી હતી. તેમજ તેઓએ તેમના પ્રતિભાવ તરીકે સૂચવ્યું છે કે અન્ય રાજયોના આદિવાસી લોકોની કૌશલ્ય અને મહેનતનું અવલોકન કરીને સ્થાનિક આદિવાસી લોકોને પ્રોત્સાહિત કરવા માટે આ પ્રકારની ઈવેન્ટનું આયોજન કરવું જોઈએ. બધા સહભાગી સપ્લાયર્સે આ ઈવેન્ટ માટે તેમના હકારાત્મક પ્રતિસાદ સબમિટ કર્યા છે અને આ સ્થાન પર આવી ઈવેન્ટની માંગણી પણ કરી છે અને તેમને ફરીથી આમંત્રિત કરવાનું કહ્યું છે કારણ કે કોવિડ-૧૯ સમયગાળા પછી કેટલાક કારીગરોએ આ ×આદી બજાર× માં તેમના ઉત્પાદનો વધુ વેચ્યા છે.

શ્રી અજીત વાછાણી, પ્રાદેશિક મેનેજર, TRIFED ગુજરાતના જણાવ્યા મુજબ આ આદિ બઝારમાં ભાગ લીધેલ આદિવાસી કલાકારોને આ મેલા દ્વારા બહારના ? ૨૫.૦૦ લાખ (અંદાજે) મૂલ્યના જથ્થાબંધ ઓર્ડર મળ્યા છે અને તેઓએ તેમની ? ૧૯.૦૦ લાખ (અંદાજે) કિંમતની વસ્તુઓ વેચી છે સાથેજ તેમને TRIFED RO ઓફિસમાંથી ? ૨૫.૦૦ લાખ (અંદાજે) નો ઓર્ડર મળ્યો.

"મને આનંદ છે કે TRIFED એ ભારતના આદિવાસીઓની આજીવિકા વધારવા માટે આ પહેલ કરી છે. આવા બજારો દેશભરની આદિવાસી સંસ્કૃતિને મોટા પ્રેક્ષકો સુધી પહોંચાડવામાં પણ મદદ કરશે. × શ્રી રામસિંહ રાઠવા, ચેરમેન TRIFED, ઉદ્ઘાટન સમારોહ દરમિયાન જણાવ્યું હતું.કે

આદિવાસી જીવનના મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિનિધિત્વ કરતા, ૧૧ દિવસના આ ઉત્સવમાં દેશના તમામ રાજ્યોમાંથી આદિવાસી હસ્તકલા, કલા, ચિત્રો, કાપડ અને ઝવેરાતનું પ્રદર્શન-કમ-વેચાણ છે. આદી બજારોમાં, મુલાકાતીઓ ભારતની આદિવાસીઓ અને આદિવાસી કારીગરો દ્વારા ઓફર કરવામાં આવતી શ્રેષ્ઠતાનો નમૂનો લઈ શકે છે - મધ્યપ્રદેશની પ્રખ્યાત મહેશ્વરી સાડીઓથી લઈને લદ્દાખ અને હિમાચલ પ્રદેશના ગરમ ઊનના કપડા, આદિવાસીઓ દ્વારા મેળવેલી વિવિધ રોગપ્રતિકારક શક્તિ વધારતી જડીબુટ્ટીઓ અને મસાલાઓ, પશ્ચિમ બંગાળના ખાસ મધ અને ઓર્ગેનિક ઉત્પાદન માટે; રાજસ્થાનના પ્રખ્યાત માટીકામ. TRIFED, આદિવાસી સશક્તિકરણ તરફ કામ કરતી નોડલ એજન્સી તરીકે, આદિવાસી લોકોની જીવનશૈલી અને પરંપરાને જાળવી રાખીને, તેમની આવક અને આજીવિકા સુધારવામાં મદદ કરતી અનેક પહેલો કરી રહી છે. આદી બજાર એવી એક પહેલ છે જે આ સમુદાયોના આર્થિક કલ્યાણને સક્ષમ કરવામાં અને તેમને મુખ્ય પ્રવાહના વિકાસની નજીક લાવવામાં મદદ કરે છે.આ મેળા દરમ્યાન કુલ અંદાજિત ૭૨ લાખ રૂપિયા ના પત્યક્ષ અને પરોક્ષ વેચાણ થી ૫૦ થી વધુ સ્ટોલ માં હાજર રહેલ ૧૦૦ થી વધુ કારીગરો ને લાભ થયો છે.

તસવીર અહેવાલ- જીગ્નેશ પટેલ માણાવદર

## પાલનપુર ડોક્ટર હાઉસ સુભમ મલ્ટી સ્પેશિયાલિસ્ટ ના તબીબ સામે ગેરવર્તન માર મારી હોવાની ફરિયાદ

બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

પાલનપુરનો તબીબી સારવાર માટે ઘણાતો મુખ્ય હબ એટલે ડોક્ટર હાઉસ જેમાં દર્દીઓ માટે ડોક્ટર કોઈ પણ હદે જઈ શકે છે તેઓ કિસ્સો ડોક્ટર હાઉસ ની શુભમ મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ નો બનાવ પ્રકાશમાં આવ્યું છે શુભમ નો તબીબ ડોક્ટર કુલદીપ પટેલ ની અભદ્ર ભાષા અને વર્તન થી મામલો પોલીસ થાણે પહોંચ્યો છે ડોક્ટર કુલદીપ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે મળતી માહિતી મુજબ તે એવી રીતે કે આ કામના ફરિયાદી અનિલભાઈ આ કામના આરોપી ની હોસ્પિટલ માં ગયેલ હોય તે દરમિયાન આ કામના આરોપી કુલદીપ પટેલ આ કામના ફરિયાદીને મા બેન સામે ભૂંડી ગાળો બોલતા ત્યાંથી જતા રહેલ ને આ કામના ફરિયાદી આરોપી ને આ બાબતે ઠપકો આપવા જતાં આરોપી ડોક્ટર કુલદીપ પટેલ ફરિયાદી અનિલભાઈ ગઢવી અને સાહેદોને મા બેન સામી ભૂંડી ગાળો બોલી માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કર્યા હોવાની વિગતો સામે આવી છે.

ડોક્ટર ના અભદ્ર વર્તન વાણી ખોઈ બેઠા હોય તેવી રીતે ફરિયાદી સાથે વર્તન કર્યો હોવાનું જાણવા મળ્યું છે ૨૪/૦૩/૨૦૨૨ના રોજ આશરે ચારેક વાગે માં આઈ સી યુ માં દર્દી ગણેશભાઈ કાલું રામ રબારી ગામ ઝડોલી જિલ્લા શિરોહી રાજસ્થાન ના દાખલ કરેલ જે દર્દી ને શરીરે વધુ ઈજાઓ હોવાથી દર્દીના સગા વધુ સારવાર માટે શુભમ હોસ્પિટલ લઇ ગયેલ ને સ્ટેચર લેવા શુભમ હોસ્પિટલ અનિલભાઈ અને શિપર કિરણભાઈ રાઠોડ ગયેલા સ્ટેચર લઈ આવી અનિલભાઈ પાસે કિરણભાઈ રાઠોડ ઉભેલા દર્દી જોડેથી બાકી બિલ નીકળતો હોવાથી અનિલભાઈ ગઢવી પૈસા લેવા ઉભેલા અચાનક ડોક્ટર કુલદીપ પટેલ આવી અનિલભાઈ ને કહેલ કે તું અહીં કેમ ઉભોછે તેમ કહી ઉશ્કેરાઈ ડોક્ટર કુલદીપ પટેલ એ માં બુંન સામે ભૂંડી ગાળો બોલી ગડદા પાટું નો માર મારી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.

### ભારતીય જનતા પાર્ટીના ૪૨મો સ્થાપના દિવસ નિમિતે ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા આયોજિત

# 'આઝાદી કા અમૃત મહોત્સવની યાત્રા' - બાઈક યાત્રાનું અમદાવાદના નિકોલ ખાતેથી પ્રસ્થાન કરાવતા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

## આ યાત્રા ગુજરાતના દરેક યુવાનો સુધી ' આઝાદી કા અમૃત મહોત્સવ યાત્રા' નો મેસેજ પહોંચાડશે : શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ



મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ભારતીય જનતા પાર્ટીના ૪૨મો સ્થાપના દિવસ નિમિતે ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા આયોજિત 'આઝાદી કા અમૃત મહોત્સવની યાત્રા'નું અમદાવાદના નિકોલ ખાતેથી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, આ દેશના યુવાનો ઉપર આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને સંપૂર્ણ વિશ્વાસ છે ત્યારે આ યાત્રા ગુજરાતના દરેક યુવાનો સુધી ' આઝાદી કા અમૃત મહોત્સવ યાત્રા' નો મેસેજ પહોંચાડશે.

પાર્ટીના કાર્યકર્તાઓને સબોધતા કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ દ્વારા પાર્ટીના દરેક કાર્યકર્તાઓને જે માર્ગદર્શન મળ્યું છે એ માર્ગદર્શનનું આપણે સૌએ પાલન કરવાનું છે.

આપણે સૌએ સાથે મળીને દેશના વિકાસ યાત્રામાં ભાગીદાર બનવાનું છે અને શ્રી નરેન્દ્રભાઈના 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના સંકલ્પને સાકાર કરવાનો છે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડો. પ્રશાંતભાઈ કોરાટે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું કે, યુવા મોરચા દ્વારા દેશના ૭૫માં આઝાદીકા અમૃત મહોત્સવ નિમિત્તે દેશના અમૃત કાળનો સંદેશો યુવાનો સુધી પહોચે અને યુવાનોમાં એક દેશ ભક્તિનું સંચાર થાય તે હેતુથી ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસથી અમદાવાદ ખાતેથી આ યાત્રાનો પ્રારંભ થયો છે. ઉલ્લેખનીય છે કે, આ યાત્રા ગુજરાતભરમાં આશરે ૩ હજાર કિમી ફરી ૮૦ વિધાનસભા બેઠકો પર વિવિધ થિમો પર ટેબ્લો સાથે દેશ માટે શહિદ થયેલા અનેક વીરોના વિચારોને યુવાનો સુધી પહોંચાડવાનું કામ યાત્રા દરમિયાન કરવામાં આવશે અને આશરે ૪૦૦ જેટલા સ્થાનો પર યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

આ અવસરે રાજયકક્ષાના સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સમાજ અને ન્યાય અધિકારીતા મંત્રી પ્રદીપભાઈ પરમાર, સર્વે ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તેજસ્વી સુર્યા તેમજ પ્રદેશના મહામંત્રીઓ અને અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### શુભેચ્છાઓ પાઠવતા મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ

# ભાજપા સ્થાપના દિનની ઉત્સાહભેર ઉજવણી કરતું ગાંધીનગર મહાનગર ભાજપા સંગઠન




મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશ મકવાણા, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી જસવંતભાઈ પટેલ, મહામંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, શ્રી ગૌરાંગ પટેલ, શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠનના હોદ્દેદારશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અગ્રણીશ્રીઓએ નિર્ધારિત બુથમાં ઉપસ્થિત રહી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન સાંભળ્યું.

વોર્ડ નંબર ૧૦ ખાતે મહેસુલમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીની ગરિમામય ઉપસ્થિતિમાં મેયરશ્રી હિતેશ મકવાણા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી જસવંતભાઈ પટેલ, સ્થાનિક કોર્પોરેટરો, કાર્યકર્તાઓએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું પ્રેરક ઉદબોધન નિહાળ્યું તેમજ ભાજપાનો ધ્વજ ફરકાવ્યો.

ભાજપાના ૪૨માં સ્થાપના દિન નિમિત્તે તમામ ૧૧ વોર્ડમાં પ્રત્યેક બુથમાં સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, અગ્રણીઓ, કાર્યકર્તાઓએ પોતાના નિવાસસ્થાને તેમજ પેજસમિતિના સભ્યો તેમજ સમર્થકોના નિવાસસ્થાને ભાજપનો ધ્વજ લગાવ્યો.

### શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ,ભાટ ,ગાંધીનગર ખાતે

# "નિજાનંદ ૨૦૨૨" એટલે કે ટેક્નિકલ ફેસ્ટિવલ નું આયોજન કરવામાં આવ્યું




શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ,ભાટ ,ગાંધીનગર ખાતે આજે તારીખ ૬ એપ્રિલ ૨૦૨૨ ના રોજ ""નિજાનંદ ૨૦૨૨"" એટલે કે ટેક્નિકલ ફેસ્ટિવલ નું આયોજન કરવામાં આવ્યું હતું. જે સાથે સાથે રમતગમત અને અન્ય કાર્યક્રમોનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો . આ કાર્યક્રમમાં મુખ્યત્વે આકર્ષણનું કેન્દ્ર પ્રોજેક્ટ presentation અને પ્રોજેક્ટ ડેમોસ્ટ્રેશન રહ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડો.સુભાષ બ્રહ્મભટ્ટ( શ્રેયાંથ યુનિવર્સિટી, રજિસ્ટ્રાર) તથા શ્રી કનુભાઈ ચૌધરી, ડિરેક્ટર, દૂધસાગર ડેરી , મહેસાણા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના ભાગરૂપે વિવિધ શાખાના વિદ્યાર્થીઓએ ટેકનિકલ અને ઇનોવેટિવ પ્રોજેક્ટ રજૂ કર્યા હતા . દરેક પ્રોજેક્ટ ને અતિથિ વિશેષ અને મહેમાનો દ્વારા ચકાસવામાં આવ્યા હતા . તેમજ અતિથિ શ્રી દ્વારા દરેક વિદ્યાર્થીઓને મોટીવેટ કર્યા હતા .

આ સાથે કાર્યક્રમ ની શરૂઆત દીપ પ્રાગટ્ય થી કર્યા બાદ અતિથિ વિશેષ ડો સુભાષ બ્રહ્મભટ્ટ સાહેબ એ જણાવ્યું હતું કે આજ રોજ વિચારસરણી અને આઇડિયાસ ખૂબ જ મહત્વના છે. જે થકી આપણે વૈશ્વિક લેવલે આગળ વધી શકીશું તેમજ સંસ્થાના ડિરેક્ટર શ્રી ધર્મેશ વંડરા સાહેબે વિદ્યાર્થીઓને ખૂબ શુભકામનાઓ આપી હતી અને આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે અથાર્ગ પરિશ્રમ કરી રહેલા સર્વે સ્ટાફ મિત્રો ની પ્રશંસા કરી હતી.

આ સાથે વિશેષ પ્રોજેક્ટ ફેસ્ટિવલમાં વિદ્યાર્થીઓએ ખેતી બાંધકામ , મિકેનિકલ , સિવિલ ઈજનેરી , ઈન્ફોર્મેશન ટેકનોલોજી કમ્પ્યુટર સાયન્સ તેમજ સ્માર્ટ પાર્કિંગ અને સ્માર્ટ Governancl ને લગતા વિશેષ પ્રોજેક્ટ બનાવી અને લાઈવ ડેમોસ્ટ્રેશન આપ્યું હતું જે થકી આવેલ અતિથિવિશેષ તેમજ સંસ્થાના સ્થાપક મિત્રો અભિભૂત થયા હતા. આ પ્રોજેક્ટ ફેસ્ટિવલ થકી સંસ્થાએ ભારત સરકારના ટીમ ઈન્ડિયા પ્રોજેક્ટને એક નવો જ આયામ મળે તે વિચારી દરેક પ્રોજેક્ટને સરકારી સહાય મળે તે માટે વિશેષ આયોજન ના ભાગરૂપે શ્રી સ્વામિનારાયણ ઇક્યુબેશન સેન્ટર દ્વારા નાણાકીય સહાય આપવાનું પણ વિશેષ આયોજન કર્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.